
# આત્મધર્મ



દરેક પર્યાય સત્ છે, સ્વતંત્ર છે, એને પરની અપેક્ષા નથી. રાગનો કર્તા તો આત્મા નહિ પણ રાગનું જ્ઞાન કહેવું એ વ્યવહાર છે અને જ્ઞાન-પરિણામને આત્મા કરે એમ કહેવું એ પણ વ્યવહાર છે. ખરેખર તો તે સમયની જ્ઞાનપર્યાય ષટ્કારકથી સ્વતંત્ર થઈ છે. *—સ્વાનુભવવિભૂષિત, સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક પૂજ્ય ગુરુદેવશ્રી*

કહાન સં. ૨૫ સં. ૨૦૬૧ * [૭૪૩] * [અંક-૩ વર્ષ-૬૨] * વીર સં. ૨૫૩૧ સપ્ટેમ્બર-૨૦૦૫

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ પોતાના આત્માને નિર્મળ સમ્યગ્દર્શનથી વિભૂષિત કરીને પ્રાણીઓનું નરકમાં રહેવું પણ ભલું છે. પરંતુ કઠિનતાથી જેનો નાશ થાય છે એવા મિથ્યાત્વરૂપી વિષના સેવનપૂર્વક સ્વર્ગમાં પણ રહેવું ભલું નથી. ૮૮૮.

*(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, સર્ગ–૭, શ્લોક–૪૧)*

❀ તિર્યંચમાંથી નીકળી મનુષ્યગતિ પામવી અતિ દુર્લભ છે. તેમ ચાર પંથ વચ્ચે રત્ન પડી ગયું હોય તો તે મહાભાગ્ય હોય તો જ હાથમાં આવે છે તેમ, (માનવપણું) દુર્લભ છે. વળી આવો દુર્લભ મનુષ્યદેહ પામીને પણ જીવ મિથ્યાદૃષ્ટિ બની પાપ ઉપજાવે છે. ૮૮૯.

*(સ્વામી કાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા— ૨૦૯)*

❀ જેમ ચિન્તામણિરત્ન મુશ્કેલીથી પ્રાપ્ત થાય છે તેમ જ ત્રસનો પર્યાય મુશ્કેલીથી પ્રાપ્ત થાય છે. (ત્યાં પણ) ઈયળ, કીડી, ભમરો વગેરેના શરીરો વારંવાર ધારણ કરીને મરણ પામ્યો અને ઘણી પીડા સહન કરી. ૮૯૦.

*(પં. દૌલતરામજી, છઢાળા, ઢાળ— ૧, શ્લોક— ૫)*

❀ અંધ મનુષ્ય તો નેત્રથી દેખતો નથી, પણ વિષયાંધ મનુષ્ય કોઈ પ્રકારે દેખી શકતો નથી એટલે તે સર્વ અંધોમાં પણ મહા અંધ છે. ૮૯૧.

*(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક— ૩૫)*

❀ ખરેખર, સંસાર—શરીર—ભોગથી વિરક્ત થઈ ધારણ કર્યું છે યતિપણું જેમણે તેઓ આલંબન વિના શૂન્યમન એવા તો નથી. તો કેવા છે? જે કાળે એવી પ્રતીતિ આવે છે કે અશુભ ક્રિયા મોક્ષમાર્ગ નથી, શુભ ક્રિયા પણ મોક્ષમાર્ગ નથી, તે કાળે નિશ્ચયથી મુનીશ્વરોને જ્ઞાન અર્થાત્ શુદ્ધસ્વરૂપનો અનુભવ સહજ જ આલંબન છે. કેવું છે જ્ઞાન? જે બાહ્યરૂપ પરિણમ્યું હતું તે જ પોતાના શુદ્ધરૂપે પરિણમ્યું છે. ૮૯૨.

*(શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ— ૧૦૪)*

❀ પરિણામસે હી જીવ કો બંધ કહા હૈ ઔર પરિણામસે હી મોક્ષ કહા હૈ—-યહ સમજકર, હે જીવ! તૂ નિશ્ચયસે ઉન ભાવોંકો જાન. ૮૯૩.

*(શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા— ૧૪)*

❀ ❀ ❀

કહાન
સંવત-૨૫
વર્ષ-૬૨
અંક-૩
[૭૪૩]




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સંવત
૨૫૩૧
સં. ૨૦૬૧
September
A.D. 2005


# ભાવલિંગી અને દ્રવ્યલિંગી મુનિનું અંતર

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(સળંગ પ્રવચન નં.-૧૩૦)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. તેમાં બીજા અધિકારની ૮૬મી ગાથા ચાલે છે.

આગળની ગાથામાં આવી ગયું કે આત્માના શ્રદ્ધાન-જ્ઞાન વિના એકલા તીર્થભ્રમણથી મોક્ષ થવાનું માને છે એવા ગૃહસ્થ મૂઢ છે. હવે આ ગાથામાં કહે છે કે મુનિઓમાં પણ સમ્યગ્દૃષ્ટિ ભાવલિંગી મુનિ અને મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી મુનિમાં બહુ અંતર છે.

જરા સૂક્ષ્મ વાત છે. મૂળ તો ભેદજ્ઞાનની વાત કરવી છે. સમ્યગ્દૃષ્ટિ ભાવલિંગી મુનિ એટલે જેણે પુણ્ય-પાપથી ભિન્ન પોતાના આત્માનું ભાન કર્યું હોય અને સ્વરૂપમાં વિશેષ લીન થયા હોય એવા નગ્ન દિગંબર મુનિને ભાવલિંગી મુનિ કહેવાય છે અને જેણે નગ્નપણું તો ગ્રહણ કર્યું છે, પંચમહાવ્રત, ૨૮ મૂળગુણ આદિ ક્રિયાનું પાલન કરે છે પણ તેનાથી ભિન્ન એવા પોતાના આત્માનું ભાન નથી તેને મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી મુનિ કહેવાય છે. આમ, બંને બાહ્યથી તો મુનિલિંગધારી હોવા છતાં અંતરંગદશામાં બહુ મોટો ફેર છે.

જે દેહની ક્રિયા અને મહાવ્રતાદિ શુભરાગની ક્રિયાને જ પોતાનું સ્વરૂપ માને છે તેવા દ્રવ્યલિંગી મુનિને તો નિજસ્વરૂપનું જ્ઞાન નથી જ્યારે જ્ઞાની-ભાવલિંગી મુનિ તો શરીરને પણ જીવથી જુદું જાણીને તેનું મમત્વ છોડી દે છે. કેમ કે આ દેહની જે કાંઈ અવસ્થા થાય છે તે પરમાણુની અવસ્થા છે, જીવની નથી. તેથી જ્ઞાની દેહની ક્રિયા મારાથી થાય છે એમ માનતાં નથી. હું ચાલું છું, હું બોલું છું, હું લખું છું-એવી માન્યતા જ્ઞાનીને હોતી નથી. હું પરજીવોની

દયા પાળું છું એવી દૃષ્ટિ પણ ધર્મીને શ્રદ્ધામાંથી છૂટી ગઈ છે. આમ, જ્ઞાનીમુનિને જ્યાં શરીરની જ મમતા છૂટી ગઈ છે તો સ્ત્રી, પુત્રાદિની મમતા તો હોતી જ નથી કેમ કે એ તો પ્રત્યક્ષ જુદા છે.

દ્રવ્યલિંગી મુનિ તો લિંગમાં પણ આત્મબુદ્ધિ કરે છે. સાધુપણું તો લીધું, પંચમહાવ્રત પાળ્યાં તેમાં જ આત્મબુદ્ધિ કરે છે કે આ જ હું છું–આ જ મારું સ્વરૂપ છે અને આ જ મારું કર્તવ્ય છે. જેમ, અજ્ઞાની ગૃહસ્થાશ્રમમાં શરીરાદિની ક્રિયા અને તીર્થયાત્રાદિને પોતાની ક્રિયા માનીને મિથ્યાત્વ સેવે છે તેમ, આ દ્રવ્યલિંગી મુનિ થઈને પણ એ જ શરીર અને તેની ક્રિયામાં મમત્વ કરીને મિથ્યાત્વને સેવે છે. પંચમહાવ્રત અને ૨૮ મૂળગુણપાલનનો ભાવ શુભરાગ છે તેની મમતા સમ્યગ્દૃષ્ટિ મુનિ છોડી દે છે.

અહીં મુનિનું સ્વરૂપ બતાવીને સાત તત્ત્વમાં સંવર–નિર્જરાનું સ્વરૂપ કેવું હોય તેનું જ્ઞાન કરાવે છે. મુનિરાજ પોતાના ચારિત્રમાં લીન હોય છે. મુનિને ભૂમિકા અનુસાર શુભરાગ આવતો હોવા છતાં તેનું સ્વામિત્વ થતું નથી. જો મુનિ રાગના સ્વામી થાય છે તો તે મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે.

શ્રોતા :—તો પછી દ્રવ્યલિંગી મુનિના ઉપદેશમાં પણ ફેર ન હોય?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ફેર હોય, વાસ્તવિક ન હોય. ઉપરથી બરાબર લાગે પણ ઊંડે ઊંડે ફેર હોય. શરીરાદિની ક્રિયા અને શુભરાગથી ધર્મ થાય છે એવો અભિપ્રાય તેને અંતરમાં ઊંડે ઊંડે પડ્યો હોય છે. તે બહારથી તેના લક્ષણથી ઉપરથી પણ દેખાય છે. શરીરની પ્રવૃત્તિથી અમે નિવર્ત્યા છીએ માટે અમને નિવૃત્તિ મળી છે એમ અંદરમાં જડના સ્વામીપણાની બુદ્ધિ પડી હોય છે.

ભાવાર્થ :—વીતરાગસ્વસંવેદનજ્ઞાની મહામુનિ મન, વચન, કાય આ ત્રણેયથી પોતાને ભિન્ન જાણે છે, દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ આદિથી જેને મમતા નથી, પિતા–માતા–પુત્ર–કલત્રાદિથી ભિન્નતા માને જ છે પણ પોતાના આત્મસ્વભાવથી આ દેહ પણ જુદો છે એમ જાણે છે. જેને પરવસ્તુમાં આત્મભાવ નથી. મૂઢજીવો તો પરભાવોને પોતાના માને છે. આ જ જ્ઞાની અને અજ્ઞાનીમાં અંતર છે. પરને પોતાંના માને તે બંધાય છે અને ન માને તે મુક્ત થાય છે. આમ, નિશ્ચયથી સમજવું.

આગળની ગાથામાં સમ્યગ્દૃષ્ટિની વાત કરી હતી. અહીં મુનિની વાત કરે છે. વીતરાગસ્વસંવેદનજ્ઞાની મુનિને આત્માનું પ્રગટ વેદન હોય છે. સમ્યગ્દૃષ્ટિને તો અલ્પ આનંદ

આવે છે પણ મુનિને તો અતીન્દ્રિય આનંદનું ઉગ્ર ઉગ્ર વેદન આવે છે તેને જ મુનિપણું કહેવાય છે. કુંદકુંદઆચાર્યે સમયસારની પાંચમી ગાથામાં આ જ વેદનને 'પ્રચુરસ્વસંવેદન' કહીને કહ્યું છે કે અમને અર્હંત પરમાત્માથી લઈને અમારા પરમગુરુ કે જે નિર્મળ વિજ્ઞાનઘન આત્મામાં અંતરનિમગ્ન હતાં એવા દેવ-ગુરુએ અમને અમારો વૈભવ બતાવ્યો છે તે અમે અમારા અનુભવથી તમને કહીશું. જુઓ પાંચમી ગાથા છે. જે વિજ્ઞાનઘનમાં લીન છે તેનું જ નામ સર્વજ્ઞ અને તેનું જ નામ આચાર્ય અને મુનિ છે. આવા ગુરુઓ એ અમારા ઉપર કૃપા કરીને શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ આપ્યો છે કે તારો આત્મા શુભાશુભરાગના મેલથી ભિન્ન છે-શુદ્ધાત્મા છે-પરમાત્મા છો. દેહથી ભિન્ન છો. આવા આત્માનો અનુભવ કરતાં અમને પણ નિરંતર ઝરતો, આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ એ જ જેની મ્હોરછાપ છે એવું પ્રચુર સ્વસંવેદન પ્રાપ્ત થયું છે તેનાથી અમારા અનુભવનો જન્મ છે. સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માને ગૃહસ્થાશ્રમમાં આનંદનું વેદન અલ્પ છે પણ મુનિદશામાં તો પ્રચુર એટલે ઉગ્ર અને ઘણાં જ આનંદનું વેદન અમને થાય છે. આનંદના ઉભરા આવે છે.

મુનિપણું આવું પ્રચુર સ્વસંવેદનમય હોય છે એવું સર્વજ્ઞદેવે કહ્યું હતું અને એવું જ અમને વેદનમાં આવે છે. ભગવાને તો વાણીમાં ૧૨ અંગ-ચૌદ પૂર્વ કહ્યા હતાં તેમાં સારભૂત તો શુદ્ધાત્મા જ કહ્યો હતો. સર્વજ્ઞથી લઈને અમારા ગુરુપર્યંત બધાંએ શુદ્ધાત્માનો જ ઉપદેશ અનુગ્રહપૂર્વક આપ્યો છે. અમે પાત્ર હતા માટે ઉપદેશ આપ્યો એમ નથી કહેતાં પણ આચાર્યદેવ કહે છે-અમારા ઉપર અનુગ્રહ કરીને ઉપદેશ આપ્યો તેનાથી અમારાં વૈભવનો જન્મ થયો છે.

આ પાંચમી ગાથા વાંચી છે કે નહિ? 'પ્રચુર' શબ્દ ઉપરથી આ વાત આવી. સમ્યગ્દૃષ્ટિ ૮ વર્ષની કન્યા હો તેને પણ સ્વસંવેદન હોય છે પણ મુનિને તો 'પ્રચુર સ્વસંવેદનસ્વરૂપ સ્વસંવેદન' હોય છે એવું વિશેષણ આપ્યું છે. મુનિ પંચમહાવ્રત, ૨૮ મૂળગુણ આદિ બધું પાળે છે પણ તેનાથી અમારું મુનિપણું છે એમ નથી કહેતા. કારણ કે મુનિ જાણે છે કે આ તો રાગ છે, ધર્મ નથી, ચારિત્ર નથી માટે તેનાથી મોક્ષમાર્ગ નથી. આ બે હજાર વર્ષ પહેલાં થઈ ગયેલા કુંદકુંદાચાર્ય કહે છે કે 'ભાઈ! તું શુદ્ધાત્મા છો, તું પવિત્ર છો. તારી ભૂમિમાં જે વિકલ્પ ઊઠે છે તે તારી ચીજ નથી.' એવો ભગવાનનો ઉપદેશ અમને એટલો અંદરમાં અસર કરી ગયો કે અમે અંદરમાં ઉતરી ગયા.

મુનિરાજ કહે છે કે પ્રચુર સ્વસંવેદનથી ઉપજેલો આ અમારો વૈભવ છે તે દ્વારા અમે તને શુદ્ધાત્માનું સ્વરૂપ કહેશું. દુનિયા કહે છે કે આ મકાન, દુકાન, પૈસા, સ્ત્રી, પુત્ર આદિ

અમારો વૈભવ છે એ તો બધો ધૂળનો વૈભવ છે, એ વૈભવ જીવને કાંઈ કામનો નથી. નાટકસમયસારમાં તો આ બહુ કડક ભાષાથી કહ્યું છે કે તું આત્મા છો એ તને ખબર નથી? આત્માને પૈસાના વૈભવ શું કામના છે? સમ્યગ્દષ્ટિને એ બાહ્યવૈભવમાં મારાપણું થતું નથી. એને તો એમ થાય છે કે અરે! એક રજકણ પણ મારું નથી હું એને શું કરું? આ મારામાં રાગ ઉઠે તે પણ મારી ચીજ નથી. હું તો જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય છું.

આહાહા! કુંદકુંદાચાર્યે તો સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટ-પાહુડ આદિમાં ભગવાનની વાણીનું આખું રહસ્ય ભરી દીધું છે. એક એક અક્ષરમાં અમૂલ્ય ચીજ છે. જંગલમાં રહીને આવા કામ કર્યાં છે.

મિથ્યાદષ્ટિ દ્રવ્યલિંગી મુનિ તો આનંદમય આત્મસ્વરૂપમાં આત્મબુદ્ધિ વિના દેહમય-લિંગમાં જ આત્મબુદ્ધિ રાખીને દેહની ક્રિયાને જ પોતાનું કર્તવ્ય માને છે. જ્યારે વીતરાગ-સ્વસંવેદનધારી મહામુનિ તો મન-વચન-કાયા ત્રણેયથી પોતાને ભિન્ન જાણે છે. જ્ઞાનાનંદ સહજાનંદપ્રભુને જ ઉગ્રપણે અનુભવમાં લે છે. આઠ કર્મને પણ જ્ઞાની કે મુનિ કોઈ મારાપણે માનતાં નથી. કેમ કે આઠ કર્મ તો જડ છે તે મારા કેમ હોય? જે મારામાં છે તે પરમાં નથી અને જે પરમાં છે તે મારામાં નથી.

'ભાવકર્મ' કે જે દયા-દાન-વ્રત-ભક્તિનો શુભરાગ છે તેને પણ સમ્યગ્દષ્ટિ કે મુનિ કોઈ પોતાના માનતાં નથી.

'નોકર્મ' એટલે શરીર, વાણી આદિ સંયોગ એ પણ મારો નથી. લોકોને સત્ય વાત સમજવામાં આવી નથી તેથી કઠણ તો લાગે પણ શું થાય! અનંતકાળથી અભ્યાસ ઊંધો છે અને આ વાત સાંભળવામાં આવે તેથી કઠણ લાગે. ખરેખર આ આત્મા શરીરથી, વાણીથી, જડકર્મોથી, મનમાં જે વિકારીભાવ ઉઠે છે તેનાથી જુદી જાતની વસ્તુ છે. તેથી જ ધર્મીને અને મુનિને તેની જરાય મમતા નથી.

માણસ વિચાર કરે તો તેને બધું સમજાય તેમ છે કે વસ્તુસ્વરૂપ શું છે? હમણાં જામનગર વીરજીભાઈની તબિયત જોવા ગયા હતાં ત્યારે ત્યાં એક વકીલ આવ્યા હતા તે કહેતાં હતા કે 'આત્મા છે' એ અમને બેસતું નથી. કાલે એ વકીલનું કવર આવ્યું છે કે આપનું વ્યાખ્યાન સાંભળીને મારું તો કલ્યાણ થઈ ગયું. વીરજીભાઈ માટે તમે આવ્યા પણ અમારી ઉપર અનંત ઉપકાર થઈ ગયો. અમે તો કેટલું ઊંધું માનતાં હતા. રામજીભાઈ વકીલની સાક્ષીએ અમારા જ્ઞાનને આપે કુજ્ઞાન ઠરાવ્યું તે બરાબર છે. મેં તો કુટિલતા જ કરી છે.

મારી એકેય વાત સાચી નથી. હવે આપ ફરી અહીં આવો! આ ગામમાં આપને સમજનારા નથી એમ ન માનશો, સમજનારા છે. એમ બહુ પ્રેમથી પત્ર લખ્યો છે.

જ્ઞાની, મુનિ પોતાના શુદ્ધ આત્મસ્વભાવના ભાનપૂર્વક દેહને ભિન્ન જાણે છે માટે તે યથાર્થ ભિન્નતા છે. આત્માના ભાન વગર દેહ જુદો છે-જુદો છે એમ કહે છે તેને યથાર્થ ભિન્નતા ભાસી નથી. ભાવલિંગી મુનિરાજને ૨૮ મૂળગુણ પાલનનો વિકલ્પ છે તે ભાવકર્મ છે તેનાથી પણ મુનિ પોતાને ભિન્ન જાણે છે. મુનિરાજને કોઈ પરવસ્તુ અને વિકારમાં આત્મભાવ થતો નથી. 'હું છું ત્યાં વિકાર નથી અને વિકાર છે ત્યાં હું નથી.' ગૃહસ્થાશ્રમમાં સમ્યગ્દૃષ્ટિ પણ રાગને ભિન્ન જાણે છે પણ મુનિને તો સ્થિરતા પણ એકદમ વધી ગઈ છે. અતીન્દ્રિય આત્મભાવમાં મુનિરાજ મગ્ન છે.

અજ્ઞાની-મૂઢાત્મા પરભાવોને પોતાના જાણે છે. પોતાના જ્ઞાતા-દૃષ્ટા ચૈતન્ય-સ્વભાવને છોડીને મૂઢ શરીરને અને રાગને જ પોતાના માને છે અને જ્ઞાની-ભાવલિંગીમુનિ સ્વભાવ સિવાય કોઈને પોતાનો માનતાં નથી. આ જ જ્ઞાની-અજ્ઞાનીનો મોટો ફેર છે. બહારથી એ ફેર ન દેખાય પણ અંદરમાં શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિમાં મોટો ફેર છે.

ટૂંકામાં, પરને પોતાના માને છે તે બંધાય છે અને ન માને તે મુક્ત થાય છે. આ નિશ્ચયથી જાણવું. શરીર અજીવતત્ત્વ છે અને શુભાશુભભાવ આસ્રવતત્ત્વ છે તેને જીવ પોતાના માને છે તેથી બંધાય છે. જો તે પોતાના શુદ્ધસ્વરૂપને જાણીને, અજીવ અને આસ્રવતત્ત્વમાં મમત્વ કરતો નથી તો બંધાતો નથી પણ મુક્ત થાય છે. પછી કદી બંધન થતું નથી. આ વાતનો બરાબર નિર્ણય કરવો. ધજાની પૂછડી જેવો ડામાડોળ નિર્ણય ન રાખવો.

આ રીતે એકતાલીસ દોહાના મહાસ્થલમાં મધ્યના પંદર દોહામાં વીતરાગ-સ્વસંવેદનજ્ઞાનની મુખ્યતાથી બીજો અંતરસ્થલ સમાપ્ત થયો.

હવે પરિગ્રહત્યાગના વ્યાખ્યાનને આઠ દોહામાં કહે છે. આચાર્યદેવ ભિન્ન ભિન્ન રીતે કથન કરીને મૂળ તો પરમાત્માનો પ્રકાશ કરે છે.

लेणहँ इच्छइ मूढु पर भुवणु वि एहु असेसु।
बहु विह धम्म-मिसेण जिय दोहिँ वि एहु विसेसु॥८७॥

અર્થ :—જ્ઞાની અને અજ્ઞાની બંનેમાં એટલો જ ભેદ છે કે અજ્ઞાનીજન અનેક પ્રકારે ધર્મના બહાનાથી આ સમસ્ત જગતને જ નિયમથી લેવાની ઇચ્છા કરે છે અર્થાત્ આખા સંસારને લેવાની ઈચ્છા કરે છે, તપશ્ચરણ આદિ કાયક્લેશથી સ્વર્ગાદિના સુખોને

ચાહે છે અને જ્ઞાનીજન કર્મોના ક્ષય માટે તપશ્ચરણાદિ કરે છે, ભોગોની અભિલાષા નથી.

અજ્ઞાની ધર્મના બહાને નિયમથી જગતના પદાર્થોને અને માન આદિને લેવા જ માંગે છે. દુનિયા મને મોટો માને, મારી કીર્તિ થાય, આબરૂ વધે એવી અપેક્ષા જગત પાસે રાખે છે એ રીતે, ધર્મના બહાને અભિપ્રાયમાં આખા જગતની અભિલાષા કરે છે. જ્યારે ધર્મીને તો ધર્મપ્રાપ્તિથી એટલી તૃપ્તિ છે કે તેને પરમાંથી કાંઈ જોઈતું નથી.

ધમ્મ-મિસેણ એટલે ધર્મના બ્હાને....નગ્નદિગંબર વેષ ધરેલે જોઈને કે બ્રહ્મચારી જોઈને, ત્યાગી જોઈને દુનિયા મને કાંઈ આપે એવી અભિલાષા અજ્ઞાનીને રહેતી હોય છે. શાસ્ત્ર ભણી અને ભણાવીને પણ દુનિયા પાસેથી કાંઈક લાભ લેવાનો ભાવ રહે છે. અમે બ્રહ્મચર્ય પાળીએ છીએ, દયા પાળીએ છીએ માટે તમે અમને સાધન આપો, અમારી ભક્તિ કરવી એ તમારું કામ છે એમ કરીને અજ્ઞાની ધર્મના બહાને જગત પાસે અભિલાષા કરે છે. જ્યારે જ્ઞાનીને જગત પાસે કોઈ અભિલાષા નથી. જ્ઞાની તો પોતાના શ્રદ્ધા-જ્ઞાનમાં આત્મા લીધો છે તેમાં જ એકાગ્રતા કરે છે.

જેને પરમાનંદમૂર્તિ શુદ્ધાત્મા અનુભવમાં આવ્યો નથી, શ્રદ્ધામાં આવ્યો નથી અને દેહાદિ તથા રાગાદિમાં એકતાબુદ્ધિ પડી છે તે આખા જગતને લેવાની જ ભાવના કરે છે. આખા જગતનો હું જાણનાર-દેખનાર છું એમ શ્રદ્ધામાં લેતો નથી, તેની ભાવના પણ નથી અને ધર્મનો દાવો કરીને દુનિયા પાસે પૂજા અને માન લેવા માગે છે, અનેક પ્રકારે ઈચ્છાઓ દ્વારા એ આખા જગતને લેવા માગે છે. પોતાનો આત્મા તો દૃષ્ટિમાં આવ્યો નથી એટલે દયા-દાન-ત્યાગ આદિનો દેખાવ કરીને આખી દુનિયામાં મારી પ્રસિદ્ધિ થાઓ, હું બીજાથી મોટો ગણાવું એવી અભિલાષા કરે છે. જો એવો અભિપ્રાય ન હોય તો એને આત્મામાંથી જ્ઞાનાનંદ લેવાની ભાવના હોવી જોઈએ. દુનિયા પાસેથી કાંઈ લેવાની ઈચ્છા ન હોવી જોઈએ. દુનિયા પાસે મારી ચીજ ક્યાં છે કે દુનિયા મને આપે!

પોતાના આત્માનો આનંદ જેને આવ્યો તેની દુનિયા પ્રશંસા કરે તો શું એ આનંદ વધી જાય છે! અને પ્રશંસા ન કરે તો શું એ આનંદ ઘટી જાય છે. પોતાનું સ્વરૂપ ખ્યાલમાં આવ્યું છે તેથી જ્ઞાનીને પરમાંથી કાંઈ લેવાની ભાવના રહી નથી. પરમાં મારું કાંઈ છે જ નહિ, મારું બધું મારી પાસે જ છે.

જેને આત્મામાં જ્ઞાનાનંદનું ભાન નથી તેને શુભભાવ પાછળ આખા 'ભુવન' એટલે જગતની ઈચ્છા પડી છે. પુણ્યની ઈચ્છા છે તેને જડની ઈચ્છા છે અને જડની ઈચ્છા એટલે આખા જગતની ઈચ્છા રહેલી છે. કેમ કે રાગથી ભિન્ન પોતાના આત્મામાં શાંતિ પડી

છે તે તો દૃષ્ટિમાં આવી નથી તેથી શાંતિ મારામાં છે એવું ભાન નહિ હોવાથી પરમાંથી શાંતિ લેવાની ભાવનામાં જીવન ગુમાવી દે છે. શેઠિયાઓને હું રાજી કરી દઉં તો એ રાજી થઈને બધું આપશે. એ બધી અજ્ઞાનીની ભ્રમણા છે. ભાઈ! તારે પરમાંથી શું લેવું છે? કોઈ રાજી થાય કે ન થાય તેથી તને શું છે?

કડકભાષા લીધી છે. કાં તો જ્ઞાતા-દૃષ્ટાની ભાવના હોય અને એ ન હોય તો આખા જગતને લેવાની ભાવના પડી છે. એક તરફ રામ છે તો બીજી તરફ ગામ છે. બે જ વાત લીધી છે. અંદરના ઊંડાણમાં જેને રાગની અભિલાષા છે તેને આખા જગતને લેવાની અભિલાષા પડી છે. જંગલમાં વસનારા સંત યોગીન્દુદેવ આ વાત જગતને પ્રસિદ્ધ કરે છે. શુભરાગની અભિલાષા છે તેને રાગના ફળમાં શુભબંધ થાય અને તેના ફળમાં જગતની અનુકૂળતા મળે એવી ઈચ્છા પડી છે. અર્થાત્ સંસારના બધાં ભોગો ભોગવવાની તેને અભિલાષા પડી છે એમ કહે છે.

બંધ અધિકારમાં જે શૈલી લીધી હતી એવી શૈલીથી આ વાત કરી છે. શુભભાવને સાધે છે તે અભૂતાર્થધર્મને સાધે છે. દયા-દાનને સેવીને આખા જગતની અભિલાષા રાખે છે. મુનિપણું લઈને, કાયક્લેશ આદિ તપશ્ચરણ કરીને સ્વર્ગાદિના સુખને ચાહે છે. કેમ કે અંદરમાં અતીન્દ્રિય આનંદસ્વરૂપનું તો જ્ઞાન નથી. તેથી પરીષહ આદિ સહતો હોવા છતાં ભાવના અનુકૂળતાની રહે છે. સગવડતાની ભાવના રહે છે તેને સ્વર્ગના સુખની જ ચાહના પડી છે. ખરેખર સગવડતા અંતરમાં છે કે બહારમાં છે તેનું એને જ્ઞાન નથી.

જ્ઞાનીજન કર્મોના ક્ષય માટે તપશ્ચરણ આદિ કરે છે. જ્ઞાની મુનિદશામાં અતીન્દ્રિય આનંદના ભોગવટાની સાથે તપ પણ કરે છે. એક એક માસના ઉપવાસ આદિ પણ ગ્રહણ કરે છે, પંચ મહાવ્રત પણ પાળે છે પણ તેની પાછળ જ્ઞાની મુનિને ભોગોની અભિલાષા બિલકુલ નથી, રાગની અભિલાષા બિલકુલ નથી. અંતરમાં એકમાત્ર અતીન્દ્રિય આનંદ અને શાંતિની ભાવના છે.

ભાવાર્થ :—વીતરાગ સહજાનંદ અખંડસુખના આસ્વાદરૂપ જે શુદ્ધાત્મા તે જ આરાધવાયોગ્ય છે. એવી જે રુચિ તે સમ્યગ્દર્શન, સમસ્ત મિથ્યાત્વ રાગાદિ આસ્રવથી ભિન્નરૂપ જે પરમાત્માનું જ્ઞાન-તે સમ્યગ્જ્ઞાન અને તેમાં જ નિશ્ચલ ચિત્તની વૃત્તિ તે સમ્યક્ચારિત્ર છે.

ભગવાન આત્મા એકલા અતીન્દ્રિય આનંદનો પિંડ છે. જેવો આનંદ સિદ્ધને છે તેવો જ આનંદ આ આત્મામાં છે. તે અતીન્દ્રિય સહજ અને અખંડસુખનો આસ્વાદ લેવો—

સ્વાદ ચાખવો તે એક જ આરાધવાયોગ્ય છે. જેમ મીઠાની કણીમાં એકલી ખારાશ ભરી છે તેમ, આત્મામાં એકલો આનંદ ભર્યો છે.

જેમ, અબરખના પતલા પતલા પડ હોય છે, પરદેશના ઝીણા કપડામાં પણ એટલાં પતલા કપડાં આવે છે કે એક કપડું દેખાતું હોય પણ ખોલો તો તેમાંથી બે-ત્રણ પડ નીકળે તેમ સિદ્ધભગવાનને સમયે સમયે અતીન્દ્રિય આનંદના પડ નીકળે છે એવા જ આનંદના પડ આ આત્મામાં પણ રહેલાં છે. પણ અજ્ઞાનીને પોતાના આવા આત્મસ્વરૂપની કદી ખબર નથી તેથી આચાર્યદેવ તેને પરમાત્માની ઉપમા આપીને સમજાવે છે કે સિદ્ધભગવાનને અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય એવા અનંતચતુષ્ટય પ્રગટ થયા છે ને! આદિ અનંતકાળ એમ જ પ્રગટ થયા કરશે ને! તો એ ક્યાંથી આવે છે? અંદર આત્મામાં અનંતચતુષ્ટય પ્રગટ થવાની શક્તિ પડી જ છે તેમાંથી એક એક પડ નીકળે તેમ પર્યાયોનો પ્રવાહ આવ્યા જ કરે છે—આવ્યા જ કરે છે.

સિદ્ધ ભગવાન જેવા નિજ આત્માનો આનંદસ્વાદ જ આરાધવાયોગ્ય છે એવી જેને રુચિ થઈ છે તે સમ્યગ્દર્શન છે. આત્મામાં એવી શક્તિનો સમૂહ છે કે તેમાંથી અનંત આનંદ નીકળ્યા જ કરે. આવા આત્માની રુચિ થવી તે સમ્યગ્દર્શન છે. આત્મામાં જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, સ્વચ્છતા, સ્વસંવેદનતા જેવી અનંત શક્તિઓ અખંડ અભેદ એકરૂપે ભરપૂર ભરેલી છે તેનો ખ્યાલ આવતાં પર્યાયમાં જે આનંદ વેદનમાં આવે છે તે જ આત્મા છે. તે જ આરાધવાયોગ્ય છે. એવી શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે. એકલા દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન નથી. સાત તત્ત્વની વ્યવહાર શ્રદ્ધા કરે છે એ પણ રાગ છે તે આત્મા નથી.

જેમ, ઘણાં વર્ષે દીકરો પરદેશથી આવ્યો હોય તોપણ તેના લક્ષણ ઉપરથી પુત્રને ઓળખી લે છે, સુકોશલ મુનિને વાઘણ થયેલી તેની મા ઓળખી જાય છે તેમ આત્મા તેના લક્ષણ ઉપરથી બરાબર ઓળખાય જાય તેવો છે. અરે! તિર્યંચને પણ આત્માનો અનુભવ થાય છે ને! મહાવીરભગવાનને પૂર્વે દસમાં ભવે સિંહની પર્યાયમાં માંસ ખાઈ રહ્યો હતો એ સમયે ઉપરથી બે મુનિરાજ તેની સમીપ પધારે છે એ જોઈને સિંહને જાતિસ્મરણ થાય છે. અરે! બીજા મનુષ્યો તો મારાથી ડરે છે અને આ બે મુનિઓ ઉપર જતાં હતાં ત્યાંથી અહીં મારી પાસે આવ્યા! અને ઉપદેશ આપે છે કે અરે સિંહ! દસમા ભવે તો તું તીર્થંકર થવાનો છે. અને આ શું! અમે સર્વજ્ઞ પાસે સાંભળ્યું છે કે તારો આત્મા જગત્ગુરુ તીર્થંકર મહાવીર થવાનો છે.......તરત જ સિંહને આંખમાંથી આંસુ જાય છે, પરિણામ પલ્ટી જાય છે, સમ્યગ્દર્શન પામે છે અને સમાધિમરણ કરે છે. માંસ ખાતો હતો પણ એ પણ આત્મા

છે ને! આપણે અહીં ઉપર દીવાલમાં ચિત્ર છે જુઓ! સિંહની આંખમાંથી આંસુ જાય છે. નિજ પરમાત્માનું સેવન કરીને સમ્યક્ત્વ પામે છે. માટે જેમાં અતીન્દ્રિય સુખ ભર્યું છે એવા આત્માનું સેવન કરવું. જેમાં દુઃખ છે એવા શુભાશુભરાગનું સેવન ન કરવું.

આમ, શુદ્ધાત્માની રુચિ તે સમ્યગ્દર્શન છે. તેના વિના જ્ઞાન કે ચારિત્ર કાંઈ સાચાં નથી. જૂઠાં જ્ઞાન અને ચારિત્રથી આત્માને કાંઈ લાભ થતો નથી.

પાપભાવમાં મજા છે, પુણ્યથી ધર્મ થાય છે, સંયોગોથી મને સુખ છે એવી બધી મિથ્યાભ્રાંતિઓ છોડીને, રાગાદિ આસ્રવથી પણ ભિન્ન નિજ પરમાત્માનું શ્રદ્ધાન કરીને તે જ આત્માનું જ્ઞાન કરવું તે સમ્યગ્જ્ઞાન છે અને આ જ ભગવાન આત્મામાં જ્ઞાનની પરિણતિને નિશ્ચલ સ્થિર કરવી તે ચારિત્ર છે. આ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રથી જ જીવનો મોક્ષ થાય છે. બીજા કોઈ ઉપાયથી મોક્ષ થતો નથી.

(ક્રમશઃ)

❀ ❀ ❀

❀ પ્રભુ તને ભગવાન તરીકે જોવે છે અને તું પણ તને ભગવાન તરીકે જો તો ભગવાન થઈશ. નિર્મળ પર્યાયથી પણ ભિન્ન જે ભૂતાર્થ વસ્તુ છે તેને શુદ્ધ કહેવામાં આવે છે, તેના પર દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શનનો ઉત્પાદ થશે ને મિથ્યાત્વનો વ્યય થશે. માટે શુદ્ધ વસ્તુમાં જા—તેની દૃષ્ટિ કર. સંયોગથી તો ભિન્ન, દયા-દાનના વિકલ્પથી ભિન્ન અને એક સમયની પર્યાયથી પણ ભિન્ન વસ્તુ શુદ્ધ છે, તેની દૃષ્ટિ કરતાં ધર્મની શરૂઆત થાય છે. આ એક જ ધર્મની રીત છે, ધર્મની વિધિ છે, ધર્મની કળા છે. બીજા લાખ ઉપાયે પણ ધર્મ થશે નહીં.

❀ પરદ્રવ્ય તો આત્માનું સ્વરૂપ નથી, રાગ તો તારો નથી પણ નિર્વિકલ્પ મોક્ષમાર્ગની દશા પણ તારું વાસ્તવિક સ્વરૂપ નથી, તે પણ ઉપચારથી આત્માનું સ્વરૂપ છે. અહીં તો દૃષ્ટિનો વિષય બતાવવો છે, તેથી દૃષ્ટિના વિષયમાં પર્યાય નથી તે અહીં બતાવ્યું છે. સમ્યગ્દૃષ્ટિનો વિષય સમ્યગ્દૃષ્ટિ નથી, દૃષ્ટિનો વિષય દૃષ્ટિ વિનાનું—પર્યાય વિનાનું દ્રવ્ય છે તોપણ નિશ્ચયમોક્ષમાર્ગ સાધક હોવાથી તેને સદ્‌ભૂત ઉપચારનયથી જીવનું સ્વરૂપ કહ્યું છે.

—ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# અજ્ઞાનીની અજ્ઞાન દશાનો ચિતાર

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું સળંગ પ્રવચન-૧૧૦)

આ, શ્રી સમયસાર નાટકનો મોક્ષદ્વાર છે. તેમાં ૨૮મુ પદ્ય લઈએ છીએ. અજ્ઞાનીજીવ વાસ્તવિક તત્ત્વને માનતો નથી તો શું માને છે તે કહે છે.

'મિથ્યાત્વની વિપરીત વૃત્તિ'

माटी भूमि सैलकी सो संपदा बखाने निज,
कर्म मैं अमृत जानै ग्यानमें जहर है।
अपनौ न रूप गहै, औरहीको आयो कहै,
साता तो समाधि जाकै असाता कहर है॥
कोपकौ कृपान लिए मान मद पान कियैं,
मायाकी मरोर हियैं लोभकी लहर है।
याही भांति चेतन अचेतनकी संगतिसौं,
सांचसौं विमुख भयौ झूठमैं बहर है॥२८॥

અર્થ :—સોનુ-ચાંદી જે પહાડોની માટી છે તેને પોતાની સંપત્તિ કહે છે, શુભ-ક્રિયાને અમૃત માને છે અને જ્ઞાનને ઝેર જાણે છે. પોતાના આત્મરૂપનું ગ્રહણ કરતો નથી, શરીર આદિને આત્મા માને છે. શાતાવેદનીયજનિત લૌકિક સુખમાં આનંદ માને છે અને અશાતાના ઉદયને આફત કહે છે, ક્રોધની તરવાર પકડી રાખી છે. માનનો શરાબ પીને બેઠો છે, મનમાં માયાની વક્રતા છે અને લોભના ચક્કરમાં પડેલો છે. આ રીતે અચેતનની સંગતિથી ચિદ્રૂપ આત્મા સત્યથી પરાન્મુખ થઈને જૂઠમાં જ ગુંચવાઈ ગયો છે.

માટી.......જે સોનુ, ચાંદી, હીરા-માણેક આદિ લક્ષ્મી છે એ તો બધી પહાડની માટી છે તેને અજ્ઞાની પોતાની સંપદા માને છે અને જે પોતાની સંપદા છે એવા અનંત જ્ઞાન, દર્શન, સુખ, સત્તા આદિને માનતો નથી. જડ ધૂળને સંપત્તિ માનનારો મિથ્યાદૃષ્ટિ છે પછી ભલે તે સામાયિક, પોષા, વ્રત-તપ આદિ કરતો હોય પણ જડ લક્ષ્મીને પોતાના માને છે તો એ મિથ્યાદૃષ્ટિ જ છે. એને સામાયિક આદિ કરવાથી ધર્મ થતો નથી.

कर्ममैं अमृत जानै.......મિથ્યાદૃષ્ટિ શુભરાગની ક્રિયા જે દયા-દાન, વ્રત-ભક્તિ

આદિ રાગ છે તેને જ અમૃત માને છે એટલે કે ધર્મ માને છે.

શ્રોતા :—શાસ્ત્રમાં એને અમૃત કહ્યાં છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—હા, શાસ્ત્રમાં તેને અમૃત કહ્યાં છે પણ કોને? કે જેણે અમૃત સ્વરૂપ આત્માનો આશ્રય લીધો છે તેના વ્યવહારને નિશ્ચયનો આરોપ આપીને અમૃત કહ્યાં છે. જ્યારે અહીં તો અજ્ઞાની એકલા શુભભાવને જ અમૃત માને છે પણ તે અમૃત નથી. અમૃત તો ખરેખર એક જ પ્રકારનું છે પણ તેનું કથન બે પ્રકારે થાય છે. ભગવાન સર્વજ્ઞદેવને જે નિર્મળ પૂર્ણદશા પ્રગટ થઈ છે એવી જ મારામાં શક્તિ છે એવું હું દ્રવ્ય છું એમ જેને નિર્વિકલ્પ ભાન પ્રગટે તેની પર્યાયમાં જે શુભરાગ ઉઠે છે તેને વ્યવહારે અમૃત કહેવાય છે. નિશ્ચયઅમૃત તે જ અમૃત છે પણ નિશ્ચયઅમૃત-અનુભવ જેને પ્રગટ્યો છે તેના શુભરાગને વ્યવહારે અમૃત કહેવાય છે પણ એ ઝેર છે. કેમકે આત્મા અમૃતઆનંદસ્વરૂપ છે તેમાં આ જે–આમ કરું, તેમ કરું એવી વૃત્તિ ઉઠે છે તે તો આત્માના સ્વભાવથી ઉલટી વૃત્તિ છે–બહિરબુદ્ધિ છે. માટે ઝેર છે પણ જ્ઞાનીના મંદરાગને કથનમાત્રથી અમૃત કહેવાય છે, વસ્તુદૃષ્ટિએ તે અમૃત નથી.

મિથ્યાદૃષ્ટિ જ્ઞાનને ઝેર માને છે. જ્ઞાનસ્વભાવ ભગવાન આત્મામાં એકાગ્ર થવું તે તો આનંદ છે તેને અજ્ઞાની ઝેર જાણે છે. આવી તેની વિપરીત વૃત્તિ છે એ જ મિથ્યાદૃષ્ટિ–અજ્ઞાનીનું લક્ષણ છે. અનંતકાળથી રખડે છે પણ સત્ય શું અને અસત્ય શું એનો પત્તો એણે મેળવ્યો નથી. ધર્મના નામે સાધુ થયો તોપણ રાગની મંદતા અને ક્રિયાઓ કરીને મરી ગયો પણ આત્માની ઓળખાણ કરીને તેનું ધ્યાન કરવું એ એને માથાકૂટ લાગે છે. ચૈતન્ય આત્મા એકલો સમજણનો પિંડ છે તેમાં એકાગ્ર થવું એ એને ગોઠતું નથી–ગમતું નથી અને રાગમાં એકાગ્ર થવું ગમે છે. તેથી સમકિતીના રાગભાવને મોક્ષનું કારણ ઠરાવે છે પણ ભાઈ! જ્ઞાની હો કે મુનિ હો તેમનો શુભરાગ પણ બંધનું જ કારણ છે, મોક્ષનું કારણ નથી. આત્મા સિવાય બહારમાં જે વૃત્તિ જાય છે તે ઝેર જ છે.

अपनौ न रूप गहै, औरहीसौं आपौ कहै। પોતાના ચૈતન્યના શુદ્ધસ્વરૂપને તો ગ્રહે નહિ, અનુભવે નહિ, માને નહિ, જાણે નહિ અને અન્ય ભાવોને જ પોતાના માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. साता सौं समाधि....પૂર્વનો સાતાવેદનીયનો ઉદય હોય, પૈસા, આબરૂ–કીર્તિ, મકાન, દુકાન બધું અનુકૂળ હોય તો પોતાને સમાધિ એટલે સુખી માને છે. શાતાના ઉદયમાં સુખ માને છે તે મૂઢ છે–પાપી છે. સુખ તો આત્મામાં છે તેને ન માનતાં સામગ્રીમાં સુખ માને છે તેને જ અસાતાના ઉદયમાં દુઃખ લાગે છે. શરીરમાં રોગ આવે, નિર્ધનતા થાય, દીકરો

મરે, દીકરી વિધવા થાય, વીમાવાળો ભાંગે એ વખતે દુકાન સળગે.....આવા પ્રસંગો બને ત્યારે એને ઝેર જેવું લાગે છે. असाता कहर એટલે અસાતાના ઉદયમાં આપત્તિ ભાસે છે.

બહારની સામગ્રીમાં ફેરફાર થાય એમાં આપત્તિ શું આવી? આપત્તિ તો આત્માની અંદર મિથ્યાત્વ અને રાગ-દ્વેષ થાય છે તે આપત્તિ છે. ઘરમાં એક પછી એક વ્યક્તિની બિમારી ચાલતી હોય એટલે એને એમ થાય કે અરે! આ ખાટલો ખાલી થતો નથી એક પછી એક ઉપાધિ આવ્યા જ કરે છે.....પણ એમાં આપત્તિ ક્યાં આવી? પ્રતિકૂળતાને એ આપત્તિ માને છે એ એની વિપરીત માન્યતા જ એને આપત્તિરૂપ છે. તારા માપદંડ બધાં મૂર્ખાઈ ભરેલાં છે ભાઈ! ખરેખર મોહ, રાગ, દ્વેષ જ જીવને આપદારૂપ છે.

એક જગ્યાએ પ્લેગમાં એક ઘરમાંથી ફટાફટ એક પછી એક માણસો મરવા લાગ્યા હતા. બીજે વળી ઘાંચીને ત્યાં એક પછી એક જુવાન ત્રણ દીકરા મરી ગયા એટલે બધાં આપત્તિ માનીને દુઃખી દુઃખી થતાં જોયા હતા પણ બાપુ! એ તો સંયોગ છે તેનો વિયોગ થાય એમાં આપત્તિ નથી. તારી સંયોગદૃષ્ટિ તને આપત્તિરૂપ છે. સંયોગથી જ સુખ-દુઃખના માપ કાઢે છે પણ જે વસ્તુ પર છે તે તારી થઈને રહી છે કે પર તે પર જ છે? પરવસ્તુ ત્રણકાળમાં તારી થઈ જ નથી, થતી જ નથી. આ શરીર, પૈસા આદિ અજીવ, અજીવ થઈને જે રહ્યાં છે કે જીવ થઈ ગયા છે? એ અજીવનો વિયોગ થતાં આત્મામાં કાંઈ ઓછું થઈ જતું નથી.

कोपकौ कृपान लिए.....અજ્ઞાનીએ ક્રોધની તલવાર હાથમાં જ રાખી છે. જરાંક પ્રતિકૂળતા આવે ત્યાં ક્રોધ થઈ જાય.....ચાલતાં ચાલતાં ઠેસ વાગે અને પડી જાય તો તરત ગુસ્સો આવે કે અહીં પથરો કોણે રસ્તામાં નાંખ્યો હતો? પોતે ધ્યાન ન રાખ્યું એમ નહિ વિચારે પણ કષાય કરીને આત્માના સ્વભાવને રેંશી નાખે છે.

मान मद पान कियैं.......મિથ્યાદૃષ્ટિએ માનનો તો દારૂ પીધો છે. અમે શેઠિયા છીએ, અમારું ઘર મોટું છે, અમારે મોટા ઘરની કન્યા જોઈએ...અમારું ઘર સાત પેઢીથી ખાનદાન છે, ક્યાંય અમને કલંક લાગ્યું નથી, મારી માતાનું કુળ ઊંચું હતું વગેરે.....પણ આત્માને માતા કેવી અને કુળ કેવું! પણ એ તો જ્યાં ત્યાં માન જ માંગે છે. મને આગળ કરો, મને પ્રમુખ કરો, સંઘપતિ બનાવો.....એમ જ્યાં ત્યાં હું.....હું......હું....કરતા અજ્ઞાનીએ માનનો દારૂ પીધો છે.

मायाकी मरोर हियैं......મિથ્યાદૃષ્ટિને માયા-વક્રતાનો પાર નથી, સરળતાની તો ગંધ પણ નથી. કોઈ પણ રીતે સત્યને દુભાવવું અને અસત્યની પ્રસિદ્ધિ કરવી એ મિથ્યાદૃષ્ટિના લક્ષણ છે.

આમ, મિથ્યાદૃષ્ટિ કપટમાં એકાકાર છે. માયામાં મરડાય છે. કલ્પનામાં ન આવે એવી માયા કરે છે. ભગવાન તો કહે છે આવા કપટી-માયાવી મરીને પશુ થાય છે. આડોડાઈના પરિણામના ફળમાં આડા શરીરને ધારણ કરે છે. •

लोभकी लहर है। મિથ્યાદૃષ્ટિ લોભના ચક્કરમાં પડેલો છે. તેને આત્માના સ્વરૂપની ખબર નથી તેથી આત્માની ભાવના પણ ભાવતો નથી કે મારે તો મારા સ્વરૂપમાં સ્થિર થવું જોઈએ. ભાનના અભાવે લોભના ચક્કરમાં પડી જાય છે. જે હોય તે મેળવવાની જ ભાવના કર્યા કરે છે, ક્યાંય સંતોષ ધરતો નથી.

ક્રોધ અને માન એ દ્વેષના પ્રકાર છે અને માયા અને લોભ એ રાગના પ્રકાર છે. એમાં રોકાઈ ગયેલા મિથ્યાદૃષ્ટિને આત્માના આનંદની ખબર જ નથી. અરે, હું તો ચૈતન્યલક્ષ્મીનો સ્વામી છું, હું શરીરનો કે પત્નીનો કે પૈસાનો સ્વામી નથી એવા ભાનવાળા સમકિતી તો સંસારમાં રહ્યાં છતાં કોઈને 'મારા' માનતાં નથી. મારું હોય તે મારાથી જુદું ન હોય, જુદું હોય તે મારું નહિ....એવું જાણતાં જ્ઞાનીને ગૃહસ્થાશ્રમમાં ચક્રવર્તીનું રાજ્ય હોય પણ ક્યાંય મારાપણું નથી. એક રાગનો કણ પણ મારો નથી ત્યાં છ ખંડનું રાજ્ય મારું ક્યાંથી હોય!

याही भांति चेतन अचेतनकी संगतिसौ.......જુઓ! આ મોક્ષ-અધિકારમાં મિથ્યાદૃષ્ટિ કેવા હોય તેની વ્યાખ્યા કરીને કહે છે કે આવી વૃત્તિવાન મિથ્યાદૃષ્ટિ મોક્ષના અધિકારી નથી. શરીર, લક્ષ્મી આદિ જડ અચેતન અને દયા-દાન આદિ અચેતનરાગના સંગથી મિથ્યાદૃષ્ટિ સત્યસ્વરૂપ ભગવાન આત્માથી વિમુખ થયો છે અને જૂઠમાં લીન છે. જે પોતાના નથી તેને પોતાના માનીને એમાં જ ગુંચવાઈ ગયો છે.

મોક્ષ-અધિકારમાં આ બહુ સારી વાત લીધી છે. એક મુમુક્ષુભાઈને આ શ્લોક બહુ ગમતો હતો એટલે બોલ્યા કરતા. દિગંબર શાસ્ત્રોનું વાંચન એને ઘણું હતું.

હવે હજુ પણ મિથ્યાદૃષ્ટિના લક્ષણ વધુ સ્પષ્ટ કરે છે.

तीनकाल अतीत अनागत वरतमान,
जगमैं अखंडित प्रवाहकौ डहर है।
तासौं कहै यह मेरौ दिन यह मेरी राति,
यह मेरी धरी यह मेरौ ही पहर है॥

खेहकौ खजानौ जोरै तासौ कहै मेरो गेह,
जहां बसै तासौ कहै मेरौही सहर है।
याहि भांति चेतन अचेतनकी संगतिसौ,
सांचसौं विमुख भयौ झूठमैं बहर है॥२९॥

અર્થ :—સંસારમાં ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળનું ધારા–પ્રવાહ ચક્ર ચાલી રહ્યું છે, તેને કહે છે કે મારો દિવસ, મારી રાત્રિ, મારી ઘડી, મારો પહર છે. કચરાનો ઢગલો ભેગો કરે છે એને કહે છે કે આ મારું મકાન છે, જે પૃથ્વીના ભાગમાં રહે છે તેને પોતાનું નગર બતાવે છે. આ રીતે અચેતનની સંગતિથી ચિદ્રૂપ આત્મા સત્યથી પરાન્ગમુખ થઈને જૂઠમાં મુંઝાઈ રહ્યો છે.

આ બનારસીદાસે સ્વતંત્રપણે મોક્ષ-અધિકારમાં આ વાત મૂકી છે. तीन काल...... જગતમાં ભૂત, વર્તમાન, ભાવિ કાળનો પ્રવાહ સહજપણે અખંડિત પ્રવાહ ચાલી રહ્યો છે તે કાળ કાંઈ આ જીવનો નથી છતાં મિથ્યાત્વી કહે છે કે હમણાં તો અમારા દિવસો છે હો, અમારી હાંકલ ચાલે છે, શહેરમાં, ગામમાં બધે હમણાં અમારી પ્રધાનતા છે એમ કહે. અમે તો રાતના રાજા છીએ.....અમારી રાત બહુ સારી જાય છે. પણ ભાઈ! રાત તો કાળદ્રવ્યનું પરિણમન છે તે રાત તારી ક્યાંથી થઈ ગઈ?

મારી ઘડી, મારો પ્રહર એમ માનીને આ કલાકમાં તો અમે અમારું કામ કરશું, પછીનો કલાક તમારો....સવારના પહોરમાં અમારે ચા–પાણી જોઈએ, પછી દિવસના બીજું....એમ સમયની સાથે પોતાની ગોઠવણી કરે છે....'સમય બદલાય છે ત્યારે બધું બદલાય છે.' પણ એલા! સમય બદલાતાં તું ક્યાં બદલી ગયો! એક સમય એવો હતો કે અમારી ખૂબ જાહોજલાલી હતી, સારાં ઘરના કેણ આવતાં હતા. હવે સમય બદલાઈ ગયો.....આવું આવું મૂઢ વિચારે છે, મિથ્યાત્વમાં તેને આવી જ સૂઝ પડે છે.

खेहकौ खजानो......પૈસા ભેગા કરવા એ રાખનો ખજાનો છે. મકાન એ પથ્થરનો ખજાનો છે તેને આ પાગલ મિથ્યાદષ્ટિ પોતાની મિલ્કત માને છે, તેને માટે દેખરેખ રાખે છે....આ અમારા સંગેમરમરના મકાન છે, આમાં લાખો રૂપિયાનો ખર્ચ કર્યો છે. ધંધામાં મહેનતથી પેદાશ કરીને આમાં ખર્ચ કર્યો છે.....ભાઈ! કોના પૈસા ને કોના મકાન! જડ ચીજ તારી ક્યાં હતી કે તેને તું વાપર! તું તો આત્મા છો, તું જડનો સ્પર્શ પણ ન કરનારો તેને વાપરવાની ક્રિયા કેમ કરી શકે! એ જડ ધન એના કારણે આવે છે અને એના કારણે

બીજે જાય છે તેમાં તારો કાંઈ અધિકાર નથી. છતાં તું જડનો સ્વામી થઈને બેઠો છો એ તારી મૂઢતા છે.

પથ્થર ને ઈંટ વગેરે જોડીને બનાવેલા મકાનને પોતાનું માને છે. હું ખુરશી નાંખીને અહીં બેસતો ત્યારે આ મકાન બન્યું છે. આઠ મહિના થયા. મારી દેખરેખનું આ ફળ છે. સાધારણ મકાનમાં એને પોતાની માલિકી મનાય છે. જ્યારે સમ્યગ્દષ્ટિ ચક્રવર્તી, દેવોએ બનાવેલાં મોટા મકાનમાં રહે છે પણ એક રજકણને પણ પોતાનો માનતા નથી. કેમ કે એ તો જાણે છે કે હું જ્યાં છું ત્યાં રાગ નથી, હું જ્યાં છું ત્યાં મકાન નથી, હું જ્યાં છું ત્યાં તો જ્ઞાન, આનંદ અને શાંતિ છે. મારા સ્વભાવમાં રાગ પણ નથી તો મકાન આદિ તો મારા કેમ હોય! રાણીઓ પણ અમારી નથી. એ તો મારાથી જુદાં આત્માઓ છે તે મારા કેમ થાય! એના શરીરના રજકણો–એ પણ મારા કેમ થાય! એ તો જડ છે.

જીવ અને અજીવની ભિન્નતાના ભાન વિના અજીવના સંગમાં રહેલો અજ્ઞાની આ બધું મારું છે એમ માની રહ્યો છે. અજ્ઞાન સહિત સાધુ થયો હોય તો શિષ્યોમાં મારાપણું કરે છે કે મારે તો આવા.....આવા.....આટલા શિષ્ય છે. અજ્ઞાની–મિથ્યાદષ્ટિ જે શહેરમાં વસે છે તેને પોતાનું માને છે.

આવા બધાં દૃષ્ટાંતો આપીને મિથ્યાદષ્ટિની વિપરીત વૃત્તિનું સ્વરૂપ બતાવ્યું છે કે 'હું જ્ઞાનાનંદસ્વરૂપ વસ્તુ છું' એવું પોતાનું ભાન ભૂલીને આ શરીર, મકાન, ધન, ગામ આદિ મારા છે એવા ભ્રમમાં એ ભૂલો પડ્યો છે. હું એવી વાણી બોલું કે લોકો ખુશ થઈ જાય......પણ ભાઈ! એ તો ભાષાનું કાર્ય છે. કંઠનો ધ્રૂજારો આત્મા કરી શકતો નથી. એક રજકણનો પણ ફેરફાર કરવો એ આત્માનું કાર્ય નથી છતાં અજ્ઞાની સત્યથી વિમુખ થઈને અસત્યમાં ગતિ કરી રહ્યો છે.

આ મિથ્યાદષ્ટિની વાત કરી. હવે સમ્યગ્દષ્ટિના વિચાર સાંભળો.

'સમ્યગ્દષ્ટિ જીવોનો સદ્‌વિચાર'

जिन्हके मिथ्यामति नही, ग्यानकला घटमांहि।
परचै आतमरामसौं, तैं अपराध नांहि॥३०॥

અર્થ :—જે જીવોની કુબુદ્ધિ નષ્ટ થઈ ગઈ છે, જેમના હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ છે અને જેમને આત્મસ્વરૂપની ઓળખાણ છે તે ભલા માણસ છે.

જેના અંતરમાંથી મિથ્યાબુદ્ધિ છૂટી ગઈ છે, સત્યદૃષ્ટિ પ્રગટ થઈ છે, જ્ઞાનની કળા અંતરમાં જાગૃત થઈ ગઈ છે. ઘટ એટલે આત્મામાં એવી જ્ઞાનકળા પ્રગટ થઈ છે કે હું તો શુદ્ધ ચૈતન્ય આનંદમૂર્તિ આત્મા છું, વિકલ્પ ઉઠે છે તે પણ મારો નથી એવી જ્ઞાનકળા જાગી છે તે જીવ મોક્ષનો અધિકારી છે. તેને આત્મરામનો જ પરિચય છે. જડની સંગતિ નથી, રાગનો અનુભવ પણ તે કરતો નથી. એ તો પોતાના ચૈતન્યનો અનુભવ કરે છે. એકલા રાગનું વેદન કરે છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. દયા-દાનાદિનો વિકલ્પ પણ વિકાર છે તેને જ વેદે છે તે તો મિથ્યાદૃષ્ટિ છે.

અનાદિથી મોક્ષનો મારગ તો આવો જ છે પણ લોકોએ સાંભળ્યો નથી એટલે એમ લાગે છે કે આવો મારગ!

બાપુ! તું તો ચૈતન્ય છો ને! રાગ ક્યાં તારો છે? રાગ જાણવાનું કામ કરે છે? જે પોતાને જાણતો નથી, પરને જાણતો નથી તે ચેતન ન હોય. એ તો અચેતન છે. જ્ઞાન વડે તે જણાય છે પણ જ્ઞાનનું એ સ્વરૂપ નથી માટે તેને પોતાનું સ્વરૂપ માને છે તે ગુનેગાર છે-અપરાધી છે; તો જે જુદાં દ્રવ્યો છે તેને પોતાના માનનારની તો શું વાત કરવી!

ભગવાન આત્મા જાણનાર-દેખનાર, શાંત, અનાકુળસ્વભાવી વસ્તુ છે તેનો પરિચય કરે, તેનું વેદન કરે-અનુભવ કરે તેને સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે.

*(ક્રમશઃ)*

શુભરાગ અસંખ્ય પ્રકારનો છે તથા અશુભના પણ અસંખ્ય પ્રકાર છે, તે બધોય જીવને નથી. આમ તો દસમા ગુણસ્થાન સુધી રાગ છે ને અહીં રાગ જીવને નથી તેમ કહ્યું છે કેમ કે જીવના સ્વરૂપમાં તો રાગ છે જ નહીં પણ સ્વરૂપની દૃષ્ટિ કરતાં જે અનુભૂતિ થાય છે તેમાં પણ રાગનો અભાવ છે. દસમા ગુણસ્થાને રાગ છે તેમ કહીને પર્યાયની સ્થિતિનું જ્ઞાન કરાવ્યું છે. પરંતુ અહીં તો વસ્તુની સ્થિતિની વાત છે, વસ્તુસ્વરૂપ કેવું છે તે કહીને વસ્તુની દૃષ્ટિ કરાવી છે તેથી રાગ જડમાં છે, પુદ્ગલના પરિણામ છે, અચેતન છે, તેમાં ચેતનપણું નથી તેથી તે જીવમાં નથી, જીવના નથી. જીવના આશ્રયે અનુભૂતિ થાય છે તે રાગથી ભિન્ન પડીને થાય છે, જો રાગ જીવનો હોય તો તે ભિન્ન પડે નહીં.

*—કરુણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*પ્રશ્ન :—પ્રથમ શું હોય—શ્રદ્ધા કે જ્ઞાન ?*

સમાધાન :—સાચી સમજણ વગર યથાર્થ શ્રદ્ધા થતી નથી. અને યથાર્થ શ્રદ્ધા વગર જ્ઞાન યથાર્થ થતું નથી.

*પ્રશ્ન :—તો અમારે જ્ઞાન પણ કરવું ? અને શ્રદ્ધા પણ કરવી ?*

સમાધાન :—જ્ઞાન અને શ્રદ્ધા સાથે જ છે. યથાર્થ શ્રદ્ધા હોય તો જ્ઞાન યથાર્થ થયા વગર રહેતું નથી. જેને યથાર્થ જ્ઞાન થાય તેની શ્રદ્ધા પણ યથાર્થ જ હોય છે.

*પ્રશ્ન :—જૈનદર્શનમાં શ્રદ્ધાની પ્રધાનતા છે ?*

સમાધાન :—હા, શ્રદ્ધાની પ્રધાનતા છે. શ્રદ્ધા કરે તેમાં જ્ઞાન વચ્ચે આવે છે, માટે પ્રથમ જ્ઞાન કરવું એમ કહેવાય પણ શ્રદ્ધા યથાર્થ હોય તો જ મુક્તિના માર્ગની શરૂઆત થાય છે.

*પ્રશ્ન :—પાત્ર શિષ્ય સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે કેવું ચિંતવન-મનન કરે કે જેથી તેને શીઘ્ર પ્રયોજનની સિદ્ધિ થાય ?*

સમાધાન :—નિરંતર તેને જ્ઞાયકનું ચિંતવન હોવું જોઈએ. મારે તો જ્ઞાયક જ જોઈએ, બીજું કાંઈ ન જોઈએ. બધા શુભાશુભ-વિભાવભાવ છે તેમાં શાંતિ લાગતી નથી. મારો જ્ઞાયકભાવ તે સુખરૂપ અને આનંદરૂપ છે.-આમ જ્ઞાયકનું ચિંતવન-મનન હોય અને તેના માટે વારંવાર તેનો જ અભ્યાસ, તેવી જાતના શ્રુતનું ચિંતવન કરે. દ્રવ્ય-ગુણ-પર્યાયો શું ? નિમિત્ત-ઉપાદાન શું ? એમ પ્રયોજનભૂત તત્ત્વના વિચારો અનેક પ્રકારે કરે. હું જ્ઞાયક છું, પર પદાર્થોનો હું કર્તા નથી. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે.-આમ બધું ચિંતવન જ્ઞાયકની સિદ્ધિ માટે કરે.

મારો જ્ઞાયક જ્ઞાયકરૂપે કેમ પરિણમી જાય તેવી ભાવના નિરંતર હોય. ચિંતવન-મનન વારંવાર તેનું જ હોય છે. ક્ષણે ક્ષણે જ્ઞાયકનું ચિંતવન-મનન રહે એવો તેનો પ્રયત્ન હોય છે, તેમાં તે થાકતો નથી પણ પ્રયત્ન ચાલુ જ રાખે છે.

*પ્રશ્ન :—એક દ્રવ્યથી બીજા દ્રવ્યની ભિન્નતા ગુરુદેવ અને આપના પ્રતાપે મુમુક્ષુને થોડી થોડી*

*ખ્યાલમાં આવી. પણ દ્રવ્ય-ગુણ-પર્યાયની કેવી રીતે ભિન્નતા કરીને અનુભવ કરવો તે વિષયમાં અમને માર્ગદર્શન આપો.*

સમાધાન :—એક દ્રવ્યથી બીજું દ્રવ્ય અત્યંત જુદું છે, તેમને પ્રદેશભેદ છે. અને વિભાવ તે પોતાનો સ્વભાવ નથી. માટે શાસ્ત્રમાં ભેદજ્ઞાન કરવાનું આવે છે કે વિભાવથી વિભક્ત થા પણ ગુણ-પર્યાયથી ભેદજ્ઞાન કરવાનું નથી આવતું. આત્માના ગુણ-પર્યાયનાં લક્ષણો ઓળખીને, તેમનું જ્ઞાન કરીને, તેના ભેદમાં ન રોકાતાં એક અખંડ ચૈતન્ય ઉપર દૃષ્ટિ મૂકવાથી તેમાં જે અનંત ગુણ છે તેની શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે. ગુણ-પર્યાયથી ભેદજ્ઞાન કરવાનું રહેતું નથી, પણ તેનું જ્ઞાન કરવાનું રહે છે. આત્મા અનંત ગુણથી ગૂંથાયેલું, અભેદ તત્ત્વ છે. તેમાં અનંતા ગુણો કેવી જાતના છે, જ્ઞાનનું જાણપણું લક્ષણ, આનંદનું નિરાકુળતા લક્ષણ, ચારિત્રનું સ્થિરતા લક્ષણ. જ્ઞાન જાણવાનું કાર્ય કરે, આનંદ આનંદનું કાર્ય કરે. એ રીતે ગુણો તેના કાર્ય અને લક્ષણ ઉપરથી ઓળખી શકાય છે. તેને ઓળખીને ગુણભેદમાં રોકાવું તે રાગમિશ્રિત વિકલ્પ છે. તે વચ્ચે આવ્યા વગર રહે નહિ, પણ એક અખંડ ચૈતન્ય ઉપર દૃષ્ટિ કરીને ત્યાં સ્થિર થાય તો તેને સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. વિકલ્પ તોડીને હું નિર્વિકલ્પ તત્ત્વ છું, એમ સામાન્ય અસ્તિત્વ ઉપર નિઃશંક દૃષ્ટિ કરી તેમાં સ્થિરતા-લીનતા-આચરણ કરે તો સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. બે દ્રવ્યો જુદાં છે તે તો દેખાય છે, છતાં પણ ભેદજ્ઞાન તો પરથી ને વિભાવથી કરવાનું રહે છે ને ગુણ-પર્યાયનું જ્ઞાન કરવાનું છે. આત્મા અનંત-અનંત શક્તિઓથી ભરેલો છે. અનંતા દ્રવ્યો તેની નિકટમાં છે. તો પણ પોતાનું અસ્તિત્વ જાળવી રાખે છે. તેના અનંતા ગુણો-ધર્મો છે તે બધાનું જ્ઞાન કરવા માટે તેનાં લક્ષણો અને કાર્યો ઓળખવાં. પછી તેના ભેદવિકલ્પમાં રોકાવાનું નથી. ગુણો તો પોતાનું સ્વરૂપ છે, તે પોતાથી જુદા નથી. માટે તેનું જ્ઞાન કરીને ગુણ-ભેદોમાં કે પર્યાયભેદમાં નહિ રોકાતાં ચૈતન્ય ઉપર દૃષ્ટિ મૂકવી. તેણે જાણવું કે આ ગુણ છે, આ પર્યાય છે. પણ વિકલ્પમાં રોકાવાનું કાંઈ પ્રયોજન નથી, જાણવાનું પ્રયોજન છે. પછી પોતે પોતામાં સ્થિર થાય તો સ્વાનુભૂતિ પ્રગટ થાય છે.

ઊંચામાં ઊંચો શુભભાવ પણ વિભાવ છે, પોતાનું સ્વરૂપ નથી. તેથી તેનાથી પોતાને જુદો પાડે છે. પછી તે જાણે છે કે પર્યાય તે અંશ છે ને ગુણ છે તે પણ એક-એક ભેદરૂપે છે–તેમ જાણી લે છે, અને અખંડ સામાન્ય ચૈતન્ય ઉપર દૃષ્ટિ દે છે, જેથી વિશેષ પર્યાયો પ્રગટ થાય છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે છે. —સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ–બધા ગુણોના અંશો પ્રગટ થાય છે. ચૈતન્યમાં વિશેષ લીનતા થવાથી મુનિદશા આવે છે અને અંતર્મુહૂર્તે-અંતર્મુહૂર્તે નિર્વિકલ્પદશા થાય છે–સ્વરૂપમાં વારંવાર જામી જાય છે અને તેમાંથી જ પૂર્ણ વીતરાગદશા પ્રગટ થાય છે.

[ તા. ૧૦-૯-૨૦૦૫ ]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

## ધાર્મિક શિક્ષણવર્ગ

અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીની સત્પ્રેરણાથી પ્રતિવર્ષ ઊજવવામાં આવતી પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની જન્મજયંતીની મંગલ શ્રેણીમાં આ વર્ષે ૯૨મી મંગલમય જન્મજયંતી—કે જે શ્રી અમદાવાદ (ખાડિયા) તથા અમદાવાદના સમસ્ત દિગંબર જૈન મુમુક્ષુમંડળોએ સમૂહરૂપે ઘણા જ આનંદોલ્લાસપૂર્વક ઊજવી તે—સુચારુ સંપન્ન થઈ. આ સ્વર્ણિમ અવસર પર પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની પવિત્ર સાધનાભૂમિ આ સ્વાનુભૂતિતીર્થ સુવર્ણપુરીમાં પ્રતિવર્ષાનુસાર 'જૈન અધ્યાત્મ શિક્ષણવર્ગ'નું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જે તા. ૧૪-૮-૨૦૦૫ થી તા. ૨-૯-૨૦૦૫ વીસ દિવસ સુધી સુચારુ ચાલ્યો. તાત્ત્વિક અભ્યાસ તથા શિક્ષણાર્થિઓની સંખ્યાની દૃષ્ટિથી આ શિક્ષણવર્ગ અધિક સફળ પ્રતીત થયો. આ જન્મજયંતી પર મુમુક્ષુ મહાનુભાવોએ શિક્ષણનો સારો લાભ લીધો. આત્માર્થભીના ઊંડા તત્ત્વજ્ઞાનના પરિચયનું અનેક મહાનુભાવોને સૌભાગ્ય મળ્યું. આગંતુક પ્રાયઃ બધા શિક્ષણાર્થી તત્ત્વ-જિજ્ઞાસુ તથા પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય બહેનશ્રી પ્રતિ ભક્તિભાવપૂર્વક શ્રદ્ધાવંત હતા. શિક્ષણવર્ગમાં સવારે પ્રવચનસારની ગાથા ૧૦, ૮૦, ૯૩, ૯૫, ૯૬, ૯૮ પર તથા બપોરે મોક્ષમાર્ગપ્રકાશક અધિકાર ૯ પર શિક્ષણ આપવામાં આવ્યું હતું; જે શિક્ષણાર્થિઓ માટે રોચક રહ્યું.

## બહેનશ્રી ચંપાબેનની ૯૨મી જન્મજયંતી

પરમ તારણહાર સદ્‌ગુરુદેવશ્રીના સ્વાનુભવપ્રધાન અધ્યાત્મ શાસનને અત્યંત ઉજાળનાર ઉપકારમૂર્તિ પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેનની આ ૯૨મી મંગલકારી જન્મજયંતી દેશવિદેશથી પધારેલ લગભગ ૪૦૦૦ મુમુક્ષુ ભાઈ-બહેનોની હર્ષોલ્લાસભરી ઉપસ્થિતિમાં અત્યંત આનંદપૂર્વક ઊજવવામાં આવી હતી. તા. ૧૭-૮-૨૦૦૫ થી તા. ૨૧-૮-૨૦૦૫ (શ્રાવણ વદ ૨) સુધી ઉજવાયેલ આ વાર્ષિક મંગલ જન્મોત્સવમાં પ્રવચન તથા અન્ય વિવિધ મનોજ્ઞ કાર્યક્રમ, તત્ત્વ અને ભક્તિરસભરસુત્રપટ વગેરે મનોજ્ઞ સુશોભનોથી સજાવેલ ભવ્ય મંડપમાં સંપન્ન થતા હતા. આ મંગલ અવસર પર 'રત્નત્રયમંડલવિધાનપૂજા'નું ભવ્ય આયોજન પરમાગમમંદિરમાં કરવામાં આવેલું. ઉત્સવના પ્રથમ દિવસથી જ પરમાગમમંદિર ઠસોઠસ ભરાઈ ગયું હતું. નીચે જગ્યાના અભાવે અનેક મુમુક્ષુ ઉપરની ગેલેરીમાં બેસી પૂજાનો લાભ લેતા હતા. પૂજા સામગ્રી તથા પુસ્તક આદિની સુંદર વ્યવસ્થાથી બધાને સંપૂર્ણ સંતોષ હતો.

## જન્મોત્સવમાં ભક્તિ સાથે તત્ત્વજ્ઞાનોપાસનાની પ્રમુખતા

સવારે પૂજ્ય બહેનશ્રીની સુશોભિત મંડપમાં વિડિયો-સી.ડી. દ્વારા દેવ-ગુરુભક્તિ તથા

સ્વાનુભવ-રસભીની અધ્યાત્મ તત્ત્વચર્ચા, સવારે પદ્મનંદિ–પંચવિંશતિ ઉપાસક સંસ્કાર અધિકાર પર સીડી પ્રવચન અને રાત્રે 'બહેનશ્રીના વચનામૃત' પર પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વાનુભવરસપ્રધાન ટેપપ્રવચન, તથા બપોરે વિભિન્ન વિદ્વાન પ્રવચનકારો દ્વારા બહેનશ્રીના વચનામૃત, સમયસાર, નિયમસાર, 'બહેનશ્રીની સાધના અને વાણી' વગેરે પર શાસ્ત્રપ્રવચન સાંભળી સમાગત બધા મહેમાન અત્યંત પ્રમુદિત થતાં હતાં. પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મરસપૂર્ણ સીડી પ્રવચન તથા પૂજ્ય બહેનશ્રીની વિડિયો સીડી દ્વારા સ્વાનુભવરસસ્યન્દી ધર્મચર્ચા બધાંને અત્યંત આનંદિત કરતાં હતાં. બપોરે શાસ્ત્ર પ્રવચન સર્વશ્રી નિરંજનભાઈ (સુરત), શ્રી હિમ્મતભાઈ ડગલી, રમેશભાઈ (સલાલ), બ્ર. વજુભાઈ તથા બ્ર. ચંદુભાઈ જોબાળિયા દ્વારા આપવામાં આવેલાં. પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી પ્રતિ શ્રદ્ધાભક્તિપૂર્ણ આપવામાં આવેલાં અધ્યાત્મ તત્ત્વવિશ્લેષણપૂર્ણ આ શાસ્ત્રપ્રવચન બધાને બહુ રોચક પ્રતીત થતાં હતાં. રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન પછી, નવરંગપુરા તથા ખાડિયા મુમુક્ષુમંડળ દ્વારા 'ભરત-વૈરાગ્ય' આદિ વિભિન્ન સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવેલા. અંતિમ દિવસે પૂજ્ય ગુરુદેવશ્રી સાથે સસંઘ જૈન તીર્થયાત્રા તથા પૂજ્ય બહેનશ્રીની અધ્યાત્મરસપૂર્ણ ધર્મચર્ચા રાખવામાં આવી હતી. એ બધો કાર્યક્રમ ઘણો જ રોચક હતો, જે બધાને ઘણો જ પ્રસન્ન કરતો હતો. ઉત્સવ આયોજક મંડળો તરફથી વિભિન્ન દિવસોમાં સાંજી (ભક્તિ) પણ પરમાગમ-મંદિરમાં રાખવામાં આવી હતી.

તા. ૨૦, શનિવારના દિવસે સાંજે ધાતકીખંડ વિદેહીનાથ ભાવિ જિનવરના સમવસરણ-વિહાર (રથયાત્રા)નું ભવ્ય આયોજન રાખવામાં આવેલું. તેમાં ચંપાકુંવરીના પારણાઝુલણનો ફ્લોટ પણ રાખેલો. તેની બોલી ચેન્નઈનિવાસી પ્રવીણાબેન કાન્તિલાલ કામદાર પરિવાર હસ્તે ભરત કામદારે લીધી હતી.

## શ્રાવણ વદ બીજ : બહેનશ્રીનો મંગલ જન્મદિવસ

આ મહામંગલકારી આનંદકારી દિવસે સવારે ૫:૩૦ વાગે દેવદર્શન પછી ઘણી જ ભવ્યતાથી સુશોભિત વિશાળ મંડપમાં ક્રમશઃ પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિકૃતિ તથા પૂજ્ય બહેનશ્રીના વિશાળ ભવ્ય ચિત્રપટ સમક્ષ દર્શન, તત્પશ્ચાત્ 'સદ્ગુરુદેવ-સ્તુતિ', પ્રણિપાત-સ્તુતિ તથા ઓડિયો ટેપ દ્વારા 'હું જ પરમાત્મા છું' ઇત્યાદિ ગુરુ-દિવ્યધ્વનિ, ગુરુદેવશ્રી તથા બહેનશ્રી દ્વારા 'માંગલિક' અને પૂજ્ય બહેનશ્રીના ગુરુભક્તિભીના અનુભવરસપ્રધાન તાત્ત્વિક હિતોપદેશ બતાવ્યો–સંભળાવ્યો હતો. તત્પશ્ચાત્ પરમાગમમંદિરમાં રત્નત્રય મંડલવિધાનપૂજા તથા તેનું સમાપન, મંડપમાં 'સ્વસ્તિક મંગલકારી' એ ન્યાયથી વિશાળ સ્વસ્તિકથી સુશોભિત સુસજ્જ મનોહર મંચ પર બિરાજીત કરેલા પૂજ્ય ગુરુદેવશ્રીના વિશાળ તથા ભવ્ય સ્ટેચ્યુ (પ્રતિકૃતિ) સમક્ષ તેઓનું સીડી પ્રવચન, પ્રવચનના અંતે પૂજ્ય ગુરુદેવશ્રીના મુખારવિંદથી વિશ્રુત પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભૂતિવિભૂષિત, આધ્યાત્મિક સાધના તથા તેઓના 'જ્ઞાનવૈભવ'નું (ધર્મવિષયક લોકોત્તર જાતિસ્મરણજ્ઞાનાદિનું) ગંભીર, મનનીય તથા મુમુક્ષુજન–હિતકારી વિવરણ સાંભળીને શ્રોતાવૃંદ આનંદવિભોર થઈ ગયો હતો. પૂર્વમાં ગુરુમુખથી પ્રત્યક્ષ શ્રવણપ્રાપ્ત આ ગંભીર તથ્યને પુનઃ સાંભળીને અનેક મુમુક્ષુઓના હૃદય ગદ્ગદ્ થઈ ગયાં હતાં, અને ગુરુવાણીના પ્રત્યક્ષ શ્રવણના 'નો દિવસા ગતા:'—આ વેદનથી નેત્ર અશ્રુથી ભરાઈ ગયા હતા. પૂજ્ય ગુરુદેવશ્રીના

ટેપપ્રવચન પછી વિડિયો-ટેપ દ્વારા—પૂજ્ય બહેનશ્રી મંચ પર આવી રહી છે મંચ પર આવીને તેઓ, સર્વપ્રથમ પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવને ભક્તિભાવથી સવિનય વંદના-નમસ્કાર કરી, પોતાનું સ્થાન ગ્રહણ કરી રહી છે. સમસ્ત મુમુક્ષુસમાજના અનુરોધના પ્રત્યુત્તરમાં તેઓ 'માંગલિક' તથા પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ ઉપકૃતભાવભીની વેદના સાથે સ્વાનુભવરસભીના તથા મહત્ત્વપૂર્ણ અધ્યાત્મ હિતોપદેશ કહી રહ્યાં છે વગેરે—બતાવ્યું-સંભળાવ્યું હતું.

તત્પશ્ચાત્ મંચ પર રાખેલ ઉપકારમૂર્તિ પૂજ્ય ભગવતી બહેનશ્રીના આશિષપ્રદાનમુદ્રસ્થ ભવ્ય વિશાળ ચિત્રપટ સમક્ષ 'વધાઈ'નો મનોહારક ભવ્ય ક્રમ આયોજિત કરવામાં આવેલો. વધાઈનો આ ક્રમ સર્વને અત્યંત આનંદપ્રદ અનુભૂત થયો. મહોત્સવ આયોજક તથા અન્ય મુમુક્ષુ પણ સાફો, મુગટ તથા હાર પહેરીને થાળીમાં 'સ્વર્ણ-સ્વસ્તિક' તથા વિભિન્ન સામગ્રી લઈને, ભક્તિગીત ગાતાં ગાતાં ક્રમસર આવતા હતા. લાઈનમાં આવવાનું આ સ્વર્ણિમ દૃશ્ય ઘણું જ મનમોહક હતું. વાતાવરણ એવું આનંદોત્પાદક હતું કે જાણે આપણા પરમ-તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી અંતરીક્ષમાં ઉપસ્થિત હોય અને પૂજ્ય ગુરુદેવશ્રી સમસ્ત મુમુક્ષુસમાજને કલ્યાણી પ્રેરણા આપતા હોય કે—'બહેનશ્રી માટે લોકો જેટલું બહુમાન કરે એટલું ઓછું છે.'

બપોરે વિદ્વાન દ્વારા શાસ્ત્રવાંચન, દેવગુરુભક્તિ, સાંજે જિનેન્દ્ર-આરતી, પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન અને અંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે સસંઘ જૈનતીર્થયાત્રાદર્શન અને બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચા—આ કાર્યક્રમપ્રમાણે જન્મદિવસ વિશેષ આનંદપૂર્વક ઊજવવામાં આવ્યો હતો.—ઉપર પ્રમાણે, પૂજ્ય ગુરુદેવશ્રીની પુનીત પ્રેરણાથી પ્રતિવર્ષ સાતિશય આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવતો બહેનશ્રીનો આ મંગલ જન્મમહોત્સવ, પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રભાવના-ઉદયના મધુર ગુંજારવને વિશેષ આન્દોલિત કરતો સાનંદ સંપન્ન થયો.

આ અવસર પર (૧) રાજકોટના શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન યુવક મંડળ ટ્રસ્ટે આગામી તા. ૨૭-૧-૨૦૦૬ થી તા. ૩-૨-૨૦૦૬ સુધી સંપન્ન થવાવાળા શ્રી આદિનાથ દિગંબર જિનમંદિર તથા તદન્તર્ગત 'નંદીશ્વર બાવન જિનાલય'ના પંચકલ્યાણ પ્રતિષ્ઠા મહોત્સવનું (૨) શ્રી ઘાટકોપર દિગંબર જૈન મુમુક્ષુ મંડળે પૂજ્ય બહેનશ્રીની ૭૪મી સમ્યક્ત્વજયંતીનું (૩) શ્રી ઉપનગર (મલાડ) દિગંબર જૈન મુમુક્ષુમંડળે પૂજ્ય ગુરુદેવશ્રીની આગામી ૧૧૭મી જન્મજયંતીનું તથા (૪) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અન્તર્ગત શ્રી આંતરરાષ્ટ્રીય દિગંબર જૈન ભગવતી મહિલા મંડળે પૂજ્ય બહેનશ્રીની ૯૩મી જન્મજયંતીનું સમસ્ત મુમુક્ષુ સમાજને આગ્રહપૂર્ણ ભાવભીનું નિમંત્રણ આપ્યું હતું.

આ શુભાવસર પર 'શ્રી રત્નત્રયમંડલ વિધાનપૂજા' સ્થાયી ૮૪ (ચોરાસી) મહાનુભાવો તરફથી તથા પ્રાસંગિક ૪ (ચાર) મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી.

આ મંગલ અવસર પર જમણ સ્થાયી ૭ (સાત) મહાનુભાવો તરફથી તથા પ્રાસંગિક ૧ મહાનુભાવ તરફથી રાખવામાં આવેલું.

આ મંગલ અવસર પર પ્રસંગ-આયોજનનો બધો ખર્ચ શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ ખાડીયા

તથા સમસ્ત દિગંબર જૈન મુમુક્ષુ મંડળ અમદાવાદ દ્વારા આપવામાં આવ્યો હતો. એ ઉપરાંત સંસ્થાને રૂા. ૭૦૬૫૯૮ની આવક નીચે પ્રમાણે થઈ હતી.

| | |
|---|---|
| ૯૨મી જન્મજયંતીના ઉપલક્ષમાં ૧૩૭૮ × ૯૨ | ૧૨૬૭૭૬ |
| જિનેન્દ્ર રથયાત્રાની બોલી | ૧૦૦૫૧૦ |
| વધાઈ ૧૦૦૧ × ૧૩ | ૧૩૦૧૩ |
| વધાઈ ૫૦૧ × ૭૭૨ | ૩૮૬૭૭૨ |
| આરતી | ૭૬૪૩ |
| પ્રાસંગિક મંડલવિધાનપૂજા ૧૦૦૧ × ૪ | ૪૦૦૪ |
| જન્મવધાઈ, રથયાત્રા તથા પારણાઝૂલણની પરચૂરણ રકમ | ૬૭૮૮૦ |
| | ૭૦૬૫૯૮ |

અંતમાં આ ઉત્સવની સફળતા સૂચિત કરતાં પ્રસન્નતાની અનુભૂતિ થાય છે કે—આ મંગલ અવસરમાં ૪૦૦૦ મુમુક્ષુઓએ તન-મન-ધનથી આનંદપૂર્વક લાભ લીધો હતો. કેટલાક હિન્દીભાષી બિલકુલ નવા તથા કેટલાક જુના, જેઓ અનેક વર્ષોથી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની પવિત્ર સાધનાભૂમિ સ્વાનુભૂતિતીર્થ શ્રી સુવર્ણપુરીના દર્શનલાભથી વંચિત રહી ગયા હતાં, એવા મહાનુભાવો જોવા મળતા હતા. સમાગત મહેમાનોની ઉપસ્થિતિની દૃષ્ટિથી લાગતું હતું કે મુમુક્ષુસમાજને પૂજ્ય ગુરુદેવ, પૂજ્ય બહેનશ્રી તથા અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરી પર હજુ પણ ઘણી શ્રદ્ધા તથા ભક્તિ છે. આ બધો પુનીત પ્રતાપ તેઓ બંને આત્માનુભવી સંતોની પવિત્ર આત્મસાધનાનો છે.

## ૯૮મો જન્મદિવસ

શ્રાવણ વદ ૧૪ તા. ૨-૯-૦૫ના દિવસે આપણા આદરણીય પંડિતરત્ન, ઊંડા આદર્શ આત્માર્થી શ્રી હિમ્મતભાઈ જેઠાલાલ શાહ (પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના મોટાભાઈ)નો ૯૮મો જન્મદિવસ હતો. આ શુભદિવસ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના 'જ્ઞાનવૈભવ' ગ્રંથના પ્રકાશનનો પણ વાર્ષિક દિવસ છે. આ નિમિત્તે ત્રણ દિવસ માટે 'શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા'નું ભવ્ય આયોજન કર્યું હતું. જન્મદિવસ પર પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપપ્રવચન પછી શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તથા સમસ્ત મુમુક્ષુસમાજ તરફથી ટ્રસ્ટના ટ્રસ્ટી તથા મહામંત્રી શ્રી ચિમનલાલભાઈ મોદીએ, પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મસંબંધી લોકોત્તર 'જ્ઞાનવૈભવ'નો અચિન્ત્ય મહિમા અને તે 'જ્ઞાનવૈભવ' દ્વારા મુમુક્ષુ-સમાજ પર થયેલા વિશિષ્ટ ઉપકારનું દિગ્દર્શન કરાવ્યું હતું. તદુપરાન્ત પંચપરમાગમરૂપ ભગવતી કુંદકુંદ અધ્યાત્મભારતીને આપણને આપણી માતૃભાષામાં પ્રદાન કરવાવાળા કુંદકુંદભારતીના પનોતા (પવિત્ર) પુત્ર આપણા આદરણીય પંડિતજીને, તેઓ દ્વારા આપણને પ્રાપ્ત થવાવાળા ઊંડા તત્ત્વજ્ઞાનનું અસાધારણ સ્પષ્ટીકરણરૂપ વિશિષ્ટ ઉપકાર તથા ગુણાનુવાદરૂપ સંક્ષિપ્ત ભાષણ દ્વારા ઉપકૃતભાવભીનું અભિવાદન કર્યું હતું. તત્પશ્ચાત્ પંડિતજીના નિવાસ પર આખો સમાજ ઓડિયો ટેપ દ્વારા પંડિતજીના તત્ત્વોપદેશને સાંભળવા ગયો હતો.

## દશલક્ષણપર્યુષણપર્વ તથા ક્ષમાવણીપર્વ

પૂજ્ય ગુરુદેવશ્રીના જ્ઞાનવૈરાગ્ય અને મુનિધર્મમહિમાપૂર્ણ દશલક્ષણધર્મ, આલોચના તથા નિયમસાર પર ટેપપ્રવચન, સમયસાર પર શાસ્ત્રવાંચન, દશલક્ષણધર્મમંડલવિધાનપૂજા, રત્નત્રયપૂજા, સોલહકારણપૂજા, ક્ષમાવણીપૂજા તથા જિનેન્દ્ર–મુનિરાજભક્તિના ભવ્ય સમારોહપૂર્વક અતિ આનંદો-લ્લાસપૂર્વક ઊજવવામાં આવી રહેલ છે.

—આ રીતે જિનેન્દ્રધર્મમહિમાપ્રભાવક અનેકવિધ ઉત્સવોની શ્રૃંખલા, શુદ્ધાત્મતત્ત્વ-વિજ્ઞાનના અનેકાન્તરસયુક્ત જ્ઞાનાભ્યાસ તથા વીતરાગ દેવગુરુની મહિમાના આનંદમય વાતાવરણથી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની પવિત્ર સાધનાસ્થલી સુવર્ણપુરી સદૈવ પુલકિત રહે છે. મહિમા અહો! તેઓ પરમોપકારી ઉભય સંતોની!

## વૈરાગ્ય–સમાચાર :—

વઢવાણશહેરનિવાસી શ્રી કંચનબેન નગીનદાસ શાહ (વર્ષ-૭૫) તા. ૨૦-૭-૨૦૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના બહુ જૂના અનુયાયી હતા.

બીલખાનિવાસી (હાલ-કલકત્તા-રાજકોટ) શ્રી રેવાબેન નાગરદાસ ટીંબડીયા તા. ૨૫-૭-૨૦૦૫ના રોજ કલકત્તા મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ સોનગઢ કેટલોક વખત રહીને તત્ત્વજ્ઞાનનો લાભ લીધો હતો.

શ્રી લીલાબેન (-આશાબેન) હસમુખલાલ અજમેરા (વર્ષ-૫૭) તા. ૩૦-૮-૨૦૦૫ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

નમઃ શ્રી સીમન્ધરજિનવરાય ।
નમઃ શ્રી કહાનગુરુદેવાય ।
વંદે ભગવતીમાતરમ્ ।

# શ્રી આંતરરાષ્ટ્રીય દિગંબર જૈન ભગવતી મહિલામંડળ

(શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત)

**ઊજવે છે**

**ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની મંગલકારી ૯૩મી જન્મજયંતી**

(તા. ૭-૮-૨૦૦૬ થી તા. ૧૧-૮-૨૦૦૬)

## નિવેદન

સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મમાર્ગપ્રવર્તક પૂજ્ય કહાનગુરુની સાધનાભૂમિ સ્વાનુભૂતિતીર્થ સુવર્ણપુરી (સોનગઢ)માં દિનપ્રતિદિન નિતનવી ધર્મવૃદ્ધિ થઈ રહી છે. પૂજ્ય ગુરુદેવશ્રીની તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની મંગલકારી જન્મજયંતીઓ તથા પૂજ્ય બહેનશ્રીની સમ્યક્ત્વજયંતીના ધર્મોદ્યોતકારી મંગલ મહોત્સવો સુવર્ણપુરીમાં વિભિન્ન મુમુક્ષુમંડળો અથવા વિભિન્ન મુમુક્ષુ મહાનુભાવો તરફથી અતીવ આનંદોલ્લાસપૂર્વક ભવ્ય રીતે ઊજવવામાં આવે છે. તે પ્રશંસનીય પરંપરામાં કેટલાંક મુમુક્ષુ બહેનો તરફથી ભાવના વ્યક્ત કરવામાં આવી કે આંતરરાષ્ટ્રીય ધોરણે સમસ્ત દેશવિદેશનાં મુમુક્ષુ બહેનો તરફથી પૂજ્ય બહેનશ્રીની ૯૩મી મંગલકારી જન્મજયંતી ઊજવવી અને તેની સહમતી માટે સોનગઢ-ટ્રસ્ટ પાસે વિનંતી કરવામાં આવી; અને ટ્રસ્ટે સહર્ષ વિનંતીનો સ્વીકાર કરી અનુમતી આપી. તદનુસાર તા. ૨૦-૮-૨૦૦૫ના દિને કેટલાંક મુખ્ય બહેનો દ્વારા પરમાગમમંદિરમાં મુમુક્ષુબહેનોની એક સભા બોલાવવામાં આવી. તેમાં ૫૮ મંડળનાં બહેનોની ઉપસ્થિતિ હતી. આ સભામાં સર્વપ્રથમ શ્રી આંતરરાષ્ટ્રીય દિગંબર જૈન ભગવતી મહિલામંડળના પ્રમુખ તરીકે શ્રીમતી પ્રવીણાબહેન કાંતીલાલ કામદાર (ચેન્નઈ-મદ્રાસ)ની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી. તત્પશ્ચાત્ બીજા હોદ્દેદારોની પણ નિમણુંક કરવામાં આવી અને દરેક મંડળના મંડળ દીઠ પ્રતિનિધિ નીમવામાં આવ્યા. ઉપસ્થિત સૌ મહિલાસમૂહે આ મંગલ મહોત્સવ ભવ્ય રીતે ઊજવવાની ભાવના એકીસાથે હર્ષોલ્લાસપૂર્વક વ્યક્ત કરી. દરેક મંડળનાં બહેનોને આ મહોત્સવ સંબંધી જે કાંઈ સૂચના હોય તે અમને જણાવવા વિનંતી છે. ખર્ચને પહોંચી વળવા માટે ફંડ શરૂ કરેલ છે. નાનાં મોટાં મંડળનાં બહેનોએ જે કાંઈ રકમ લખાવવી હોય તે પોતાની ભાવનાનુસાર લખાવી શકે છે. જે મંડળોએ સાંસ્કૃતિક કાર્યક્રમ તથા સેવામાં યોગદાન આપવું હોય તેઓએ પહેલાંથી જાણ કરવા વિનંતી છે.

*નિવેદક—*

*શ્રી આંતરરાષ્ટ્રીય દિગંબર જૈન ભગવતી મહિલામંડળ*

*(શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત)*

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ વિષ્ટાના ટોપલામાં રતન પડ્યું હોય તોપણ તે રતન જ છે. તેમ શરીર ગમે તેવું ઢોરનું હોય, વ્યંતરી દેવીનું હોય પણ અંદરમાં ચૈતન્ય રતનનું ભાન થયું છે એને એમ ઉલ્લાસ આવી જાય છે કે અહો! આવો ભગવાન મારી પાસે છે અને હું ક્યાં જોવા જાવ! એમ ઉલ્લાસમાં અંદર ડોલી જાય છે. ૩૬૮.

❀ દ્રવ્યકર્મથી, નોકર્મથી તથા પંચમહાવ્રતાદિના ભાવકર્મથી તારી મતિ હટાવી દે. જો ત્યાં મતિ રહી જશે તો મરીને તેના ફળમાં અનંતકાળ કાઢવો પડશે. માટે ભગવાન! તું રાગ અને દેહના સંગમાં પ્રીતિ ન કર. પ્રભુ! ભવિષ્યમાં દુઃખના ડુંગરમાં અનંતકાળ કાઢવો પડશે, માટે ત્યાંથી તારી મતિ છોડી દે. દેહાદિમાં તારી મતિને ન લગાડ...ન લગાડ, અને પરમબ્રહ્મ સ્વરૂપમાં કે જે અમૃતથી તૃપ્ત તૃપ્ત ભરેલો આનંદનો [illegible] છે તેમાં મતિ લગાવ તો પર્યાયમાં આનંદનો પ્રવાહ વહેશે. ૩૬૯.

❀ શ્રોતા :—કેવી રીતે સાંભળવું?

પૂજ્ય ગુરુદેવ :—એ...આત્માને રાગથી જરા મોકળો કરીને સાંભળવું. હું સિદ્ધ છું—એવું લક્ષ પ્રથમ કરીને સાંભળવું. આ તો ભાઈ! પરમેશ્વરની વાતો છે. પરમેશ્વર કેમ થવાય એની વાતો છે. ૩૭૦.

❀ ભગવાન પૂર્ણાનંદનો નાથ છે કે જેને કહેવા માટે યોગીન્દ્રદેવને શબ્દો થોડા પડે છે. તારી મોટાઈ તો જો! તારું જે સ્વરૂપ ભગવાને જોયું તેને ભગવાન પણ કહી શક્યા નથી. જડ વાણી દ્વારા આત્માને કઈ રીતે વર્ણવી શકાય? દુશ્મન દ્વારા કેટલા વખાણ કરાવી શકાય? 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહીં તે પણ શ્રી ભગવાન જો!'—આવું પરમબ્રહ્મ તારું સ્વરૂપ છે, આવા પરમબ્રહ્મ સ્વરૂપમાં પ્રભુ! તારી મતિ લગાડ. એકવાર તેની રુચિ કર. નિર્વિકલ્પ આનંદનો નાથ, અતીન્દ્રિય સુખનો સાગર, ગુણનું ગોદામ તું છો, એમ એકવાર મહિમા લાવ. મહિમા વિના તારી મતિ ત્યાં લાગશે નહીં. બહારનો મહિમા છોડ, ત્યાં શું છે! માટે પરનો મહિમા અને આકર્ષણ છોડીને એકવાર પરમબ્રહ્મ પ્રભુનો મહિમા લાવીને ત્યાં મતિ જોડ તો તારી ચાર ગતિ મટી જશે. ૩૭૧.

❀

## બહિરાત્મા

ભગવાન આત્માનો ઉલ્લસિત વીર્યથી આદર છોડીને બહારના કોઈપણ ઉપાધિ ભાવ કે કર્મજન્ય સંયોગના સંસર્ગમાં આવતાં તેમાં વીર્ય ઉલ્લસિત થઈ જાય કે "આહાહાહા ! આહાહાહા !"—એમ પરમાં વિસ્મયતા થઈ જાય તેને બહિરાત્મા કહે છે.

—*કરુણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

દોષ ન ગહિયો કોય, ગુણ ગહ પઢિયે ભાવસોં,
ભૂલચૂક જો હોય, અર્થ વિચારી જુ શોધિયો.

જાણ્યે—અજાણ્યે જે કાંઈ અપરાધ થયા હોય તે સર્વની આત્મધર્મ-પરિવાર ક્ષમા માગે છે.

—*સંપાદક*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦
સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦
મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/—
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/—
વાર્ષિક લવાજમ : રૂા. ૯/—
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/—
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/— અલગ]

Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 244662

Copies : 5100